# Maharaja Krishnakumarsinhji Bhavnagar University

**Maharaja Krishnakumarsinhji Bhavnagar University Admission Committee**

**(MKBUAC)**

# INFORMATION BOOKLET (2020-21)

**(Maharaja Krishnakumarsinhji Bhavnagar University, Bhavnagar)**

**M.K. Bhavnagar University**
**UG ONLINE ADMISSION COMMITTEE**
**(B.A., B.C.A., B.Sc., B.Sc(IT), B.Com.**
**B.Com. – Honours, B.R.S., B.S.W., B.B.A.)**
**Sardar Vallabhbhai Patel Campus**
**Gaurishanker Lake Road, Bhavnagar**
**E-mail:-** admissionmkbu202021@gmail.com
**Visit: www.mkbhavuni.edu.in**
**Phone: 0278-2430007**

## Table of Contents

KEYWORDS AND DEFINITIONS....3

ABBREVIATIONS & ACRONYMS....4

PREAMBLE....5

( પ્રવેશના નિયમો )....

૧. આમુખ અને સંક્ષિપ્ત શીર્ષક :-....6

૨. વ્યાખ્યાઓ :-....7

૩. ટૂંકાક્ષરો :-....8

૪. વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ :-....9

૫. વિવિધ અભ્યાસક્રમોમાં ઉપલબ્ધ જગ્યાઓ :-....9

૬. પ્રવેશ લાયકાત :-....9

૭. આરક્ષણ જોગવાઇ :-....13

૮. દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત :-....15

૯. સુરક્ષાદળ અને નિવૃત સેવા કર્મીના બાળકો માટે અનામત :-....15

૧૦. મેરીટ લીસ્ટ તૈયાર કરવુ :-....16

૧૧. ગુણ સુધારણા:-....16

૧૨. પ્રવેશ નોંધણી:-....17

૧૩. પ્રવેશ પ્રક્રીયા :-....18

૧૪. ફી:-....19

૧૫. અરજી સાથે બિડાણમાં જરૂરી પૂરાવાઓ :-....20

૧૬. ખોટા પૂરાવાની રજુઆતથી અમાન્ય પ્રવેશ :-....21

૧૭. પ્રવેશ પ્રક્રિયા રદ તથા ફી પરત સંદર્ભે :-....21

૧૮. ખાલી રહેલ જગ્યાઓ :-....22

૧૯. પેનલ્ટી/અધિશૂલ્ક :-....23

૨૦. અર્થઘટન :-....23

# KEY WORDS AND DEFINITIONS

| | |
|---|---|
| **Bank** | A bank designated by MKBU for collection of registration charge and tuition fee |
| **Course** | Course under which candidate would be offered a seat. |
| **Counseling** | Candidates Qualified for Counseling |
| **Stream** | Arts, Science, Commerce, Rural Studies, Management. |
| **Help Center** | A College or an Institute providing help to the candidate for training, registration, choice selection, locking etc. |
| **Intake** | Sanctioned Intake as per MKBU (seats in a course) |
| **Merit Number (Rank)** | Unique Position of the counselees |
| **Open Category** | Other than reservation category. |
| **Participating College or Institute** | A College or an Institute participating in counseling |
| **Reserved categories** | SC, ST, SEBC, DS, PH (sub category)/Other,EWS |
| **Seat matrix** | A table showing the available seats and its bifurcation among different categories as per the reservation policy of the State. The seat matrix is prepared by college or Institute, course and category-wise. |
| **Web based Counseling** | Online Form Filling & Submission of Choices from any Internet point |

# ABBREVIATIONS & ACRONYMS

| | |
|---|---|
| **MKBUAC** | Maharaja Krishnakumarsinhji Bhavnagar University Admission Committee |
| **MKBU** | Maharaja Krishnakumarsinhji Bhavnagar University. |
| **CBSE** | Central Board of Secondary Education |
| **CCR** | Central Control Room of MKBUAC, Located at MKB University, Bhavnagar |
| **DS** | Ex / In Defense Service personnel |
| **GEN** | General |
| **HC** | Help Center- |
| **IB** | International School Board |
| **ISCE** | Indian School Certificate Examination |
| **MHRD** | Ministry of Human Resources & Development |
| **M.Mark** | Merit Marks |
| **NIC** | National Informatics Center |
| **NIOS** | National Institute of Open Schooling |
| **NRI** | Non Resident Indian |
| **PH** | Physically Handicapped (person with Physical Disability) |
| **PI** | Participating Institutes |
| **SC** | Scheduled Caste of Gujarat State |
| **SEBC** | Socially and Educationally Backward Class of Gujarat State, including Widow candidate and Orphan of any caste of Gujarat State |
| **SF** | Self Finance |
| **ST** | Scheduled Tribe of Gujarat State |

# 1. PREAMBLE

Maharaja Krishnakumarsinhji Bhavnagar University is established in the year 1978 by The Bhavnagar University Act, 1978. As per the powers conferred in the said Act, MKBU has constituted "**MKBU Admission Committee**" to regulate the admission of candidates to the specific programmes as mentioned in **"MKBU Admission Rules, 2020(B.A./B.C.A./ B.Sc./B.Sc.(IT)/B.Com./B.Com. – Honours/B.R.S./B.S.W./B.B.A.)".** The mission assigned to this Committee is to carry out the counseling process in a fair and transparent manner. The admission process is conducted by this Committee strictly on the basis of merit and the preference of the candidate. The functions of the Committee are as follows:

- The Committee shall supervise, monitor and control the entire process of admission to the candidates seeking admissions to the affiliated colleges or institutions.
- The Committee shall prepare the merit list in accordance with the provisions of the rules made there under.
- The Committee shall allocate the Government, constituent, Grant-in-Aid or Unaided Seats in accordance with the provisions of the rules made there under.
- The Committee shall ensure that admissions in the Government, Grant-in-Aid or Unaided Seats are made as per the merit list prepared.
- The Committee shall perform such other functions as may be assigned to it by the MKBU.

The MKBUAC deals with admission of Bachelor of Arts (B.A.), Bachelor of Computer Application (B.C.A.), Bachelor of Science (B.Sc.), Bachelor of Science(B.Sc.(IT)), Bachelor of Commerce (B.COM.), Bachelor of Commerce – Honours, (B.COM. – Honours), Bachelor of Rural Studies (B.R.S.), Bachelor of Social Work (B.S.W.) Bachelor of Business Administration (B.B.A.).

MKUBU has successfully launched web based online admission procedure in association with National Informatics Center (NIC). Online web-based admission process proved to be most accurate, transparent and time and cost effective.

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

## <u>પ્રવેશ નિયમો, ૨૦૨૦-૨૧</u>

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી પ્રવેશ નિયમો, <u>૨૦૨૦-૨૧</u> (બી.એ., બી.સી.એ., બી.એસસી., બી.એસસી.(આઇટી.), બી.કોમ., બી.કોમ. - ઓનર્સ, બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ., બી.બી.એ.) એકઝીક્યુટીવ કાઉન્સિલ અને વાઇસ ચાન્સેલર ઓફ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી એકટની સત્તા અન્વયે નીચે મુજબના વિવિધ અભ્યાસક્રમોના નિયમો અને નિયમનો આ મુજબ છે :

### ૧. આમુખ અને સંક્ષિપ્ત શીર્ષક :-

૧.૧ આ નિયમો મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી પ્રવેશ નિયમો-<u>૨૦૨૦-૨૧</u> (બી.એ., બી.સી.એ., બી.એસસી., બી.એસસી.આઇટી., બી.કોમ., બી.કોમ. - ઓનર્સ, બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ., બી.બી.એ.) તરીકે ઓળખાશે.

૧.૨ આ નિયમો નીચે મુજબના અભ્યાસક્રમોના પ્રવેશના પ્રથમ વર્ષે અમલી બનશે.

૧.૧.૧ બેચલર ઓફ આર્ટસ ----------------------- (બી.એ.)

૧.૧.૨ બેચલર ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન-------- (બી.સી.એ.)

૧.૧.૩ બેચલર ઓફ સાયન્સ ---------------------- (બી.એસસી.)

૧.૧.૪ બેચલર ઓફ સાયન્સ(આઇ.ટી.)------------ (બી.એસસી.)(આઇટી)

૧.૧.૫ બેચલર ઓફ કોમર્સ ------------------------ (બી.કોમ.) **(**જનરલ) – (ઓનર્સ)

૧.૧.૬ બેચલર ઓફ રુરલ સ્ટડીઝ ---------------- (બી.આર.એસ.)

૧.૧.૭ બેચલર ઓફ સોશ્યલ વર્ક ----------------- (બી.એસ.ડબલ્યુ.)

૧.૧.૮ બેચલર ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન -- (બી.બી.એ.)

## ૨. વ્યાખ્યાઓ :-

૨.૧ જો આ નિયમો ભાષાકીય અર્થઘટનનો પ્રશ્ન ન ઉદ્દભવે તો.

૨.૧.૧ યુનિવર્સિટી એટલે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી જે ભાવનગર યુનિવર્સિટી એકટ અન્વયે સ્થાપિત

૨.૧.૨ UGC એટલે યુનિવર્સિટી અનુદાનપંચ જે યુનિવર્સિટી અનુદાન પંચ ધારો-૧૯૫૬ અન્વયે સ્થાપિત.

૨.૧.૩ નિયમો એટલે "મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી પ્રવેશ નિયમો-૨૦૨૦-૨૧" ૧.૨ મુજબ

૨.૧.૪ "પ્રવેશ સમિતિ" એટલે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી પ્રવેશ સમિતિ" જે ઓનલાઇન પ્રવેશ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ના ઉપરના ક્રમાંક ૧.૨ મુજબના કોર્ષ માટે.

૨.૧.૫ પ્રવેશ એટલે કોર્સ માટે આ નિયમો મુજબ ૧.૨ માં દર્શાવ્યા મુજબના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે.

૨.૧.૬ "ગુજરાત બોર્ડ" એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પરીક્ષા બોર્ડ જે ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શાળા બોર્ડ ધારો - ૧૯૭૨ (ગુજ.૧૮-૧૯૭૩) ની કલમ-૩ અન્વયે સ્થાપિત.

૨.૧.૭ શાળા એટલે ઉચ્ચતર માધ્યમિક શાળા (XII, 10+2)

૨.૧.૮ 'કોલેજ' અથવા 'સંસ્થા' એટલે યુનિવર્સિટી કોલેજ, સંચાલીત કોલેજ સંલગ્ન કોલેજ અથવા કોલેજ જે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ધારો-૧૯૭૮ અન્વયે વ્યાખ્યાયિત થયેલ હોય.

૨.૧.૯ "માહિતી/મદદરૂપ કેન્દ્ર" એટલે પ્રવેશ સમિતિએ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માટે નિર્દિષ્ઠ કરેલા કેન્દ્રો.

૨.૧.૧૦ સૈદ્ધાંતિક વિષયો એટલે એવા વિષયો કે જેને સત્તાકિય/સબંધિત બોર્ડ દ્વારા, ગ્રેડ, ટકાવારી કે વર્ગ આપવા માટે ધ્યાને લેવાતા હોય.

૨.૧.૧૧ ટકાવારી ગુણ એટલે સૈધ્ધાંતિક વિષયોમાં કુલ ગુણ પૈકી મેળવેલા ગુણનું ૧૦૦ ની સાથેનુ પ્રમાણ.

૨.૧.૧૨ પરીક્ષામાં ઉતીર્ણ એટલે ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨, ૧૦+૨) માં પાસે જે સામાન્ય પ્રવાહ, વાણિજય પ્રવાહ કે વિજ્ઞાન પ્રવાહ અથવા તે સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય.

૨.૧.૧૩ બીન અનુદાનિત એટલે સ્વ-નિર્ભર

૨.૧.૧૪ પ્રવેશ માટે ફ્રેશ વિદ્યાર્થીને પ્રાથમિકતા આપવામાં આવશે. છેલ્લા પાંચ વર્ષમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ જ ઓનલાઇન પ્રવેશમાં ભાગ લઇ શકશે.)

૨.૧.૧૫ "PI" એટલે ભાગ લેનાર/સામેલ થનાર સંસ્થા

૨.૨ શબ્દ તથા અભિવ્યક્તિ જે આ નિયમોમાં ઉપયોગમાં લેવામાં આવ્યા છે. પરંતુ અવ્યાખ્યાયિત છે. હોય તેનુ અર્થઘટન પણ સમાન તેમજ નિયમાનુસાર રહેશે.

## 3. ટુંકાક્ષરો :-

3.૧ UGC યુનિવર્સિટી અનુદાન આયોગ

3.૨ MKBU- મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

3.3 CBSE-કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ

3.૪ CISCE- ભારતીય શાળા પ્રમાણપત્ર પરીક્ષા સલાહકાર સમિતિ

3.૫ ISB- આંતરરાષ્ટ્રિય શાળા બોર્ડ

3.૬ NIOS- રાષ્ટ્રિય મુક્ત શાળા સંસ્થા

3.૭ B.COM - વાણિજય સ્નાતક

3.૮ B.Com- (Honours')- વાણિજય સ્નાતક – ઓનર્સ

3.૯ B.Sc. – વિજ્ઞાન સ્નાતક

3.૧૦ B.Sc.(IT) – વિજ્ઞાન સ્નાતક (આઇ.ટી)

3.૧૧ B.R.S. – ગ્રામવિદ્યા સ્નાતક

3.૧૨ B.S.W. – સમાજ કાર્ય સ્નાતક

3.૧૩ B.C.A. – કોમ્પ્યુટર એપ્લીકેશન સ્નાતક

3.૧૪ B.B.A- ધંધાકિય વ્યવસ્થા સ્નાતક

3.૧૫ B.A.– વિનયન સ્નાતક

3.૧૬ P.I.O- ભારતના મૂળ વતની

3.૧૭ N.R.I- બિનનિવાસી ભારતીય

3.૧૮ SC- અનુસૂચિત જાતિ

3.૧૯ ST- અનુસૂચિત જનજાતિ

3.૨૦ SEBC/OBC - સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિ

3.૨૧ PH-શારીરિક અશકત

## ૪. વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ :-

પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેના દર્શાવેલ નિયમો ૧.૨ મુજબ દરેક સરકારી, અનુદાનિત તથા સ્વ-નિર્ભર કોલેજોની જગ્યાઓ મેરીટના ધોરણે પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવશે.

## ૫. વિવિધ અભ્યાસક્રમોમાં ઉપલબ્ધ જગ્યાઓ :-

અભ્યાસક્રમના પ્રથમ વર્ષના પ્રવેશ હેતુથી ઉપલબ્ધ જગ્યાઓ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓમાં ૧.૨ માં સામેલ મુજબ.

## ૬. પ્રવેશ લાયકાત :-

૬.૧ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ના સમયાંતરે થયેલા ફેરફારો અને કવોલીફાયીંગ પરીક્ષાના વિષયોમાં ઉર્તિણ થયેલા હોવા જોઇએ.

૬.૧.૧ ગુજરાત બોર્ડ

૬.૧.૨ કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ

૬.૧.૩ ભારતીય શાળા પ્રમાણપત્ર પરીક્ષા સલાહકાર સમિતિ નવી દિલ્હી.

૬.૧.૪ રાષ્ટ્રિય મુકત શાળા સંસ્થા

૬.૧.૫ આંતરરાષ્ટ્રિય શિક્ષણ બોર્ડ

૬.૧.૬ ગુજરાત રાજય સિવાયના અન્ય રાજયોની માન્ય બોર્ડની પરીક્ષામાં ઉતિર્ણ ઉમેદવાર

૬.૨ ઉમેદવાર બોર્ડ દ્વારા લેવાયેલી પૂરક પરીક્ષામાં હાજરી આપ્યા બાદ તેમાં ઉતિર્ણ થશે તે ચાલુ વર્ષમાં બાકી જગ્યા પર પ્રવેશ મેળવવા પાત્ર ગણાશે.

૬.૨.૧ (બી.એ., બી.સી.એ., બી.એસસી., બી.એસસી.આઇટી., બી.કોમ., બી.કોમ. -ઓનર્સ, બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ., બી.બી.એ.) માં પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨(૧૦+૨)

૬.૩ નીચે દર્શાવેલા પ્રથમ વર્ષ પ્રવેશની લાયકાતના માપદંડો ૧.૨ માં દર્શાવેલા અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેના છે.

૬.૪ એકેડેમિક વિભાગના તા. ૨૯/૦૧/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંક : એકેડેમિક/વિદ્યા/૩૩૬૯/૬૫૬૭/૨૦૧૩ મુજબ એન્જી. ડીપ્લોમા અભ્યાસ ક્રમ પુર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને બી.એસસી. અભ્યાસક્રમમાં સેમેસ્ટર – 3 માં સીધો પ્રવેશ આપવામાં આવશે.

## O. B. A. 1.: Eligibility:

For Admission: A pass in the Higher Secondary Examination (with Arts/ Commerce/Science Subjects) conducted by the Government of Gujarat; or an examination accepted as equivalent thereto by the Executive Council/MHRD, India, subject to such conditions as may be prescribed therefore.

The candidates who have passed the qualifying examination is eligible to Choose at the time of admission in 1st Semester as core Course for Semester I & II

## R.B.C.A. - 1 :

A candidate who has passed a Equivalent Examination of 10 + 2 with English from a recognized education board in any stream may become eligible to apply for admission to a graduate programme (BCA) in Maharaja Krishnakumarsinhji Bhavnagar University.

## O. B.Sc. 1: Eligibility:

For Admission: A pass in the Higher Secondary Examination (with Science Subjects) conducted by the Government of Gujarat; or an examination accepted as equivalent thereto by the Executive Council/MHRD, India, subject to such conditions as may be prescribed therefore.

**B.Sc. (I.T.)**

A Candidate who has passed a Equivalent Examination of 10+2 with English from a recognized education board in any Stream may become eligible to apply for the admission to graduate programme in Bhavnagar University.

- **LL.B.**

**ORDINANCE – 1:**

No candidate shall be admitted to First LL.B. unless he/she has inter alia obtained at least 45% in the aggregate graduated in any discipline under the rules approved by the Bar Council of India. (Distance Education is not allowed)

## O.B.Com.1./ B.Com.1. (Honours) Eligibility :

For admission to the First Year B.Com. Class a candidate shall have passed the Higher Secondary School Certificate Examination, with Commerce group of subjects, conducted by the Gujarat Secondary Education Board or an examination considered by the university as equivalent thereto.

## O.B.R.S. – 1:

A candidate for the degree of Bachelor of Rural Studies must have passed the Higher Secondary (12th Standard) School Certificate Examination of the Gujarat Secondary Education Board with any stream and having 40 percentage of marks. Candidate of SC/ST get relaxation of Passing Marks.

**B.S.W.**

**Ordinance -1 B.S.W. (Bachelor of Social Work) – Admission**

કોઇ પણ વિદ્યાશાખામાં ઉચ્ચતર માધ્યમિકમાં ૪૦% કે તેથી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક ગણાશે. **SC/ST** વિદ્યાર્થીએ ઉકત પરીક્ષા પાસ કરી હશે તો પ્રવેશ પાત્ર ગણવામાં આવશે.

પ્રવેશ મેરીટનાં આધારે આપવામાં આવશે.

**O. B.B.A 1. Eligibility:**

1. For Admission: A pass in the Higher Secondary Examination (10+2) conducted by the Government of Gujarat; or an examination accepted as equivalent thereto by the Executive Council/MHRD, India, subject to such conditions as may be prescribed thereof.

2. The candidate must have passed the above qualifying examination at a single sitting during the current year. Two per cent will be deducted per attempt if the candidate has passed the examination in parts.

3. The candidate must have obtained the following minimum aggregate marks (grand total) at the above qualifying examination.

   (i) For open category candidates 45%

   (ii) For reserved category candidates 40%

4. The candidate must have passed the above qualifying examination with (1) English* and (2) any one of the following subjects:

   (i) Mathematics

   (ii) Physics

   (iii) Statistics

   (iv) Business Mathematics

   (v) Accountancy / Elements of Accounting

Since the medium of instruction is English, the minimum cut-off marks in English for vernacular medium students shall be decided by the Admission Authority.

## ૭. આરક્ષણ જોગવાઇ :-

**ખાસ નોંધ:-** સુપરન્યુમરીક સીટ માટે જે – તે કેટેગરીના ઉમેદવારો દ્વારા જ ભરવાની રહેશે. જો આવા ઉમેદવાર ન મળે તો તે જગ્યાઓ ખાલી રહેશે.

૭.૧ ગુજરાતના વતનીઓ માટે પ્રવેશ અંતર્ગત નીચે મુજબ આરક્ષણ/અનામતની જોગવાઇ રાખવામાં આવે છે.

૭.૧.૧ અનુસુચિત જાતિ - ૭ %

૭.૧.૨ અનુસુચિત જનજાતિ - ૧૫ %

૭.૧.૩ સામાજિક તથા શૈક્ષણિક પછાત વર્ગો તેમાં (વિધવાઓ તથા અનાથ વ્યકતી જે કોઇપણ જ્ઞાતિ હોય) - ૨૭ %

૭.૧.૪. દીવ્યાંગો - 3%

૭.૧.૫. આર્થિક રીતે નબળા – ૧૦ %

૭.૧.૬.એકેડેમિક વિભાગના તા. ૧૭/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક : એકેડે/પીએચ.ડી./૨૧૩૪/૩૩૫૭/૨૦૧૬ મુજબ વિવિધ અભ્યાસક્રમોમાં વર્ગદીઠ નકકી થયેલ સંખ્યામાં એક વધારાની સીટ સીંગલ ગર્લ ચાઇલ્ડને આપવાનું ઠરાવવામાં આવેલ છે.

૭.૧.૭.એકેડેમિક વિભાગના તા. ૧૧/૧૨/૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંક : એકેડે/જોડાણ/૨૪૮૮૩૮૪૯/૨૦૧૪ મુજબ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત સ્નાતક કોલેજોમાં વર્ગ દીઠ - ૨ જગ્યા યુનિવર્સિટીના કાયમી કર્મચારીના સંતાનો માટે સુપરન્યુમરી રાખવી. આ જગ્યાઓ પર મેરીટના ધોરણે પ્રવેશ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

૭.૧.૮.એકેડેમિક (વિદ્યા) વિભાગના તા. ૧૯/૦૭/૨૦૦૧ ના પરિપત્ર ક્રમાંક : એકેડે/વિદ્યા/૪૯૧/૧૧૭૪/૨૦૦૧ મુજબ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની સંચાલિત/સંલગ્ન કોલેજો, અનુસ્નાતક ભવનો, અનુસ્નાતક કેન્દ્રો, ડીપ્લોમા કોર્સીસમાં પરિપત્ર મુજબ સચિવશ્રી, માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના તા.૧૩/૦૭/૨૦૦૧ ના પત્ર મુજબ જમ્મુ –

કાશ્મીરના વિદ્યાર્થીઓ માટે સુપરન્યુમેરીક કવોટા વધારેમાં વધારે ૫% રાખવાની રહેશે.

૭.૧.૯. સ્પોર્ટ્સ કવોટાની ૧ સીટ રાખવાની રહેશે. વર્ગ દીઠ – સુપર ન્યુમેરીક સીટ

૭.૨ ઉમેદવાર જો અનામત જગ્યા પર પ્રવેશ મેળવવા ઇચ્છે તો તેણે જે-તે જગ્યા અનુરૂપ જરૂરી પ્રમાણપત્રો <u>on line</u> રજુ કરવાના રહેશે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગમાં આવતા ઉમેદવાર નોન ક્રિમીલીયેર અને જાતિના દાખલા અંગેનું પ્રમાણપત્ર <u>on line</u> રજુ કરવાનું રહેશે.

૭.૩ <u>જાતિ અંગેનું પ્રમાણપત્ર/દાખલો એ જ માન્ય રહેશે જે ગુજરાત સરકારના સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે રજુ કરવાનો રહેશે.</u>

૭.૪ <u>સક્ષમ અધિકારીનું નોન ક્રિમીલીયર પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.</u>

૭.૫ આ પ્રમાણપત્ર ૧ એપ્રિલ, ૨૦૨૦ કે તે પછી ઇશ્યુ થયેલુ હોય તો તે માન્ય રહેશે. અને જે ઉમેદવાર જે-તે પ્રમાણપત્રો નિયત સમયમાં રજુ કરવામાં અસફળ રહેશે તો તે અનામત જગ્યા માટે ગેરલાયક ઠરશે અને બીનઅનામત જગ્યામાં નિયમાનુસાર પ્રવેશ પાત્રતા માટે યોગ્ય ગણાશે.

૭.૬ જો અનામત કક્ષાનો ઉમેદવાર પોતાના મેરીટ મુજબ બિનઅનામત કક્ષામાં પ્રવેશ મેળવે છે તો તે ઉમેદવાર તેની પસંદગી મુજબ પ્રવેશ મેળવે છે માટે ઉમેદવારને તેની પસંદગી મુજબ પ્રવેશ આપવામાં આવશે.

૭.૭ અનામત કક્ષાની જગ્યા પર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારના પ્રમાણપત્રોની ગુજરાત રાજય સરકાર વતી ખાતરી કર્યા પછી જ પ્રવેશ આપવામાં આવશે. જો જાતિનો દાખલો ચકાસતા તે અમાન્ય ગણાશે તો તે જે-તે ઉમેદવાર અનામત જગ્યા પર પ્રવેશ માટેનો દાવો કરી શકશે નહીં અને જો ઉમેદવારે પ્રવેશ મેળવી લીધો હશે તેવા સંજોગોમાં તે પ્રવેશ રદ ગણાશે અને આવા ઉમેદવાર માટે બીનઅનામત કક્ષામાં જગ્યા હશે તો ઉપલબ્ધ જગ્યા અનુસાર મેરીટના નિયમાનુસાર પ્રવેશ માન્ય ગણાશે.

૭.૮ આરક્ષિત જગ્યા પર પ્રવેશ આપ્યા બાદ આ જગ્યા વણપુરાયેલી રહેશે તો તેને બીન-અનામત કક્ષામાં તબદીલ કરવામાં આવશે.

(પ્રવેશ બાબતે વધારાની સીટ ઉપર જરૂર જણાય ત્યારે પ્રવેશ આપવા માટે માનનીય કુલપતિશ્રીને

અધિકૃત કરવામાં આવે છે.)

૮. દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત/આરક્ષણ દરેક કેટેગરીમાં ૩% જગ્યા વિકલાંગોના કાયદાની જોગવાઇ ૧૯૯૫ અંતર્ગત અનામત રહેશે. જે ઉમેદવારો શૈક્ષણિક પ્રવૃતિઓ કરી શકે તેમના માટે છે.

સમજુતિ : " વિકલાંગ વ્યક્તિ " એટલે એ વ્યક્તિ જેને ૪૦ % થી ઓછી ન હોય તેવી શારીરિક પીડાથી પીડીતને સરકારી મેડીકલ કોલેજ / હોસ્પીટલ દ્વારા પ્રમાણિત કરેલ હોય.

## ૯. સુરક્ષાદળ અને તેના નિવૃત સેવા કર્મીના બાળકો માટે અનામત તથા શહિદોના સંતાનો માટે સુપરન્યુમેરીક સીટ

**નોંધ:** સુરક્ષાદળ અને તેના નિવૃત સેવા કર્મીના બાળકો માટે ૧ સીટ તથા શહીદોના સંતાનો માટે ૧ સીટ સુપરન્યુમેરીક સીટ અનામત રહેશે.

જે ઉમેદવાર સેવા નિવૃત કર્મી કક્ષામાં પ્રવેશ મેળવવા ઇચ્છે તો તેણે નિયામકશ્રી, સુરક્ષા કલ્યાણ બોર્ડ તથા જિલ્લા સુરક્ષા કલ્યાણ અધિકારી દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સુરક્ષાદળ ઉમેદારોએ તેઓ જે જગ્યાએ સેવા આપે છે. તેમના કમાડીંગ ઓફીસર દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૯.૧ આ અનામત જગ્યામાં વણપુરાયેલી જગ્યાઓ બીન અનામત કક્ષાના ઉમેદવારો મેરીટના ધોરણે ભરવામાં આવશે

૯.૨ એકેડેમિક વિભાગનો તા. ૧૫/૦૩/૨૦૧૯ ના પત્ર મુજબ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં ભણતા અને પ્રવેશ પામતા શહીદોનાં સંતાનો માટે યુનિવર્સિટીના તમામ યુ.જી./પી.જી./ડીપ્લોમા/પી.જી ડિપ્લોમા/સર્ટિફીકેટ/એમ.ફીલ./ પી.એચ.ડીનાં અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ – ૨૦ થી યુનિવર્સિટીના તમામ વિભાગો/સંચાલિત કોલેજોમાં તમામ પ્રકારની ફી ભરવામાંથી મુકિત આપવાનુ નકકી કરેલ છે. ૧૦. વિવિધ બોર્ડના ઉમેદવારોને પ્રવેશ માટે ઉપલબ્ધ સીટોની વહેંચણી નં.૧૧ મુજબ તૈયાર કરેલ મેરીટ યાદી મુજબ થશે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

વિસ્તારમાં આવેલી શાળાઓમાંથી જે ઉમેદવારોએ કવોલીફાઇંગ પરીક્ષા પાસ કરી હોય તેમના માટે ૮૫%સીટ અનામત રહેશે અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી વિસ્તાર બહારની સ્કુલોમાથીજેમણે પરીક્ષા પાસ કરી હોય તેમના માટે ૧૦% સીટ અનામત રહેશે, ૫% સીટ ગુજરાત સિવાયના રાજયોના ઉમેદવાર માટે અનામત રહેશે.

૧૦.૧ ઉમેદવારોને વિવિધ બોર્ડ દ્વારા વહેંચણી પ્રવેશ માટે ઉપલબ્ધ સીટોની વહેંચણી ૧૨.૧ મુજબ તૈયાર કરેલ મેરીટ યાદી મુજબ થશે.

## ૧૦. મેરીટ લીસ્ટ તૈયાર કરવુ :-

જે ઉમેદવારોએ પ્રવેશ સમિતિ દ્વારા સૂચિત નિયમ અને નિયત સમયે અરજી કરેલ છે અને પ્રવેશ માટે લાયક છે. તેઓનુ મેરીટ લીસ્ટ નીચે મુજબ તૈયાર થશે.

૧૦.૧ ૬.૧ માં દર્શાવેલ કોઇ પણ બોર્ડ દ્વારા ઉમેદવારે પાસ કરેલ પરીક્ષા સૈધ્ધાંતિક વિષયોની સરાસરી મેરીટ માર્ક ગણાશે.

૧૦.૨ જે ઉમેદવારોને સરખા મેરીટ ગુણ હશે તેનુ મેરીટ તૈયાર કરવાના નિયત ધોરણ નીચે મુજબ રહેશે.

૧૦.૨.૧ ધોરણ-૧૨ના અંગ્રેજી વિષયના ગુણ

૧૦.૨.૨ જન્મ તારીખ (ઉંમર)

૧૦.૨.૩ ફ્રેશ વિદ્યાર્થીઓને મેરીટ માટે પ્રાથમિકતા આપવી. તથા ત્યારબાદ પાસ કર્યાના વર્ષ પ્રમાણે મેરીટમાં સમાવવામાં આવશે.

## ૧૧. ગુણ સુધારણા :-

૧૧.૧ ઉમેદવાર ઉતિર્ણ થયેલ હોય અને સંજોગોવસાત તેના ગુણમાં ફેરફાર હોય તે ઉમેદવારે તે અસરનો પત્ર જે લાગુ પડતા બોર્ડ દ્વારા રજુ કરવાનો રહેશે. આ પત્ર પ્રવેશ સમિતિને પ્રવેશ પ્રક્રિયા શરૂ થયાના ઓછામાં ઓછા એક દિવસ પહેલા રજુ કરવો પડશે અને માર્કશીટમાં સુધારો આવ્યાના સાત દિવસમાં માર્કશીટ રજુ

કરવાની રહેશે. આ સંજોગોમાં ઉમેદવારને મેરીટના ધોરણે યોગ્યતા આપવામાં આવશે.

૧૧.૨ જે ઉમેદવાર આપેલ પરીક્ષામાં અનુતિર્ણ છે અને પછીથી પુન: મૂલ્યાંકન પછી ઉર્તિણ જાહેર થાય છે. તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટે કોઇ સમય-મર્યાદા લાગુ પડતી નથી. આવા સંજોગોમાં બોર્ડ દ્વારા આપવામાં આવતી સુધારેલી માર્કશીટ સાત દિવસમાં પ્રવેશ સમિતિ સમક્ષ રજુ કરવાની રહેશે. અને તેઓને પ્રવેશ યાદીમાં નિયમાનુસાર સ્થાન આપવામાં આવશે.

## ૧૨. પ્રવેશ નોંધણી :-

૧૨.૧ પ્રવેશ સમિતિએ યુનિવર્સિટી વિસ્તારમાં વધુ પ્રચલીત એવા વર્તમાન પત્રો, વેબસાઇટ કે અન્ય કોઇ માધ્યમ દ્વારા નોંધણી માટેની તારીખ, હેલ્પ સેન્ટરોની સૂચિ, નોંધણી ફોર્મ on line જમાં કરવાની છેલ્લી તારીખ, ઉપલબ્ધ કોર્ષ અને અન્ય જરૂરી માહિતી પ્રસારીત કરવાની રહેશે.

૧૨.૨ પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારે પ્રવેશ સમિતિ દ્વારા જણાવેલ સમય મર્યાદામાં નોંધણી ઓનલાઇન વેબસાઇટ પર કરવાનુ થશે.

૧૨.૩ નોંધણી માટે ઉમેદવારે પ્રવેશ સમિતિએ નકકી કરેલ નોંધણી ફી ચૂકવવાની રહેશે.

૧૨.૪ જયારે કોઇ ઉમેદવાર એક થી વધુ વખત નોંધણી કરે છે. તો તેવા સંજોગોમાં છેલ્લે થયેલી નોંધણી માન્ય ગણાશે જયારે તે પહેલાના બધી જ નોંધણી આપમેળે રદ થશે.

## ૧૩. પ્રવેશ પક્રીયા :- પ્રવેશ પ્રક્રીયા નીચે મુજબની ઓનલાઇન હશે.

૧૩.૧ પ્રવેશ સમિતિએ ૧૩.૨ મુજબ નોંધણી કરેલ અને ૧૩.૫ મુજબ બધા જ જરૂરી પ્રમાણપત્રો જમા કરાવ્યા પછી ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરવાનુ થશે.

૧૩.૨ તૈયાર થયેલ મેરીટ લીસ્ટને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ની વેબસાઇટ કે અન્ય કોઇ માધ્યમ દ્વારા પ્રસારીત કરવાનું રહેશે.

૧૩.૩ પ્રવેશ સમિતિએ ઓનલાઇન એડમિશન કાઉન્સેલીંગનું સમયપત્રક વેબસાઇટ વર્તમાનપત્ર કે અન્ય યોગ્ય માધ્યમ દ્વારા યુનિવર્સિટી વિસ્તારના વધુ પ્રચલિત હોય, તેના દ્વારા પ્રસારીત કરવાનુ થશે.

૧૩.૪ ઉમેદવારે પોતાની પસંદગી, કોર્ષ, યુનિવર્સિટી કોલેજ કે સંસ્થા માટે દર્શાવવાની રહેશે. જગ્યાની ફાળવણી મેરીટ લીસ્ટના આધારે અને ઉમેદવારની કેટેગરીના આધારે થશે. જગ્યાની ફાળવણીનું લીસ્ટ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ની વેબસાઇટ પર પ્રસારીત થશે. ઉમેદવારે સીટ ફાળવણીનો પત્ર વેબસાઇટ પરથી મેળવી લેવાનો રહેશે.

૧૩.૫ ઉમેદવારે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી પ્રવેશ સમિતિ દ્વારા પોતાનું ઓનલાઇન એડમીશન મેળવ્યા બાદ નિર્ધારીત ફી જે તે કોલેજમાં ભરવાની રહેશે.

૧૩.૬ જે ઉમેદવાર નકકી કરેલ સમય મર્યાદામાં પોતાના જરૂરી પ્રમાણપત્રો પ્રમાણિત કરાવવામાં નિષ્ફળ જશે તેનો પ્રવેશ રદ બાતલ ગણાશે.

૧૩.૭ ઉમેદવારે કોલેજની પસંદગી ઓનલાઈન ફોર્મ ભરતી વખતે કરવાની રહેશે.

૧૩.૮ પ્રવેશ સમિતિ પ્રવેશપાત્ર ઉમેદવારોની યાદી મેરીટના ધોરણે તૈયાર કરશે.

૧૩.૯ પ્રવેશયાદી યુનિવર્સીટીની વેબસાઈટ www.mkbhavuni.edu.inઅને કોલેજના પોર્ટલ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૩.૧૦ ઉમેદવારે નોંધણી ફોર્મ સાથે બિડાણ તરીકે જોડેલ પ્રમાણપત્ર અન્ય દસ્તાવેજો ચકાસણીના હેતુથી પ્રવેશ મેળવેલ કોલેજ કે સંસ્થામાં આપવાના થશે.

૧૩.૧૧ એક વખત પોર્ટલ પર એડમિશન નક્કી કરી તથા ફી ભર્યા બાદ અન્ય કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશપાત્ર રહેશે નહી.

૧૩.૧૨ જયારે નોંધપાત્ર જગ્યાઓ ખાલી રહે અને પ્રવેશ સમિતીએ આ ખાલી જગ્યાઓ ભરવાની થતી હોય, તેવા સંજોગોમાં સમિતી ઓનલાઇન પ્રવેશ પ્રક્રીયાનું પુન: સમાયોજન કરી શકશે. જે ઉમેદવાર પુન:સમાયોજન પ્રક્રીયામાં ભાગ લેશે. તે પ્રવેશ પાત્ર ગણાશે. ઉમેદવાર ચોઇસ ફેરબદલી કરવી કે નવી ચોઇસ આપવાનો વિકલ્પ આપી શકશે. જો ઉમેદવાર ફેરબદલી કરેલ ચોઇસ કે નવી ચોઇસ મુજબ પ્રવેશ મેળવશે તો તેણે અગાઉ મેળવેલ પ્રવેશ રદ ગણવામાં આવશે.

૧૩.૧૩ વિદ્યાર્થીનું ઓનલાઇન ફોર્મ ભરાઇ ગયા બાદ મેરીટ યાદીમાં નામ આવ્યેથી પ્રવેશ ફાઇનલ ગણાશે નહી. કોલેજના મેરીટ લીસ્ટ મુજબ જે તે કોલેજના સમય દરમીયાન અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન થયા બાદ તેમજ ફી ભરાઇ ગયા બાદ પ્રવેશ માન્ય ગણાશે.

૧૩.૧૪ પ્રવેશ સમયે કોલેજમાં જરૂરી તમામ અસલ પ્રમાણપત્રોની ખરાઇ સાથે તેની બે નકલો તથા પાસપોર્ટ સાઇઝના ફોટા તથા જે તે કોલેજની નિયત થયેલ ફી સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

## <u>૧૪. ફી :-</u>

૧૪.૧ વિદ્યાર્થી ઓનલાઇન પ્રવેશ ફોર્મ ફી ભરે ત્યારે CVV નંબર વાળા ડેબીટ કાર્ડથી જ ઓનલાઇન ડીજીટલ પેમેન્ટ થઇ શકશે.

૧૪.૨ જે વિદ્યાર્થી સરકારી, અંગભૂત અનુદાનિત કોલેજ કે બીન અનુદાનિત કોલેજો, કે સંસ્થામાં પ્રવેશ મેળવે તેણે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી માં નકકી થયેલ ફી ભરવાની રહેશે.

૧૪.૨ જો કોઇ ઉમેદવાર કે જેણે પ્રવેશ મેળવી ફી ભરી દીધેલ છે. તે પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન પ્રવેશ રદ કરાવે તો પ્રવેશ પ્રક્રીયા પૂર્ણ થયા બાદ ફી રીફંડ મળશે. અને જો ઓનલાઇન પ્રવેશ પ્રક્રીયા પૂર્ણ થયા બાદ પ્રવેશ રદ કરાવે તો મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ફી પરત માટેના નિયમો લાગુ પડશે.

૧૪.3 ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

ફી ની વિગત વેબ સાઇટ પર મુકવામાં આવેલ છે.

૧૪.૪ જો કોઇ ઉમેદવાર પ્રવેશ મેળવી ફી ભર્યા પછી પુન: સમાયોજન પ્રક્રિયા વખતે અન્ય કોર્ષ કોલેજ કે સંસ્થામાં પોતાનો પ્રવેશ/ફેરબદલ કરવા ઇચ્છે તો તે વખતે જે-તે ઉમેદવારે જે-તે કોર્ષ કોલેજ કે સંસ્થામાં પ્રવેશ મેળવવા કોઇ ફી ભરવાની

થતી હોય તો તે ભરવાની થશે અને જો કોઇ સંજોગોમાં ફી પરત મેળવવાની થતી હોય, તો તે સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થશે પરત મળશે.

## ૧૫. અરજી સાથે બિડાણમાં પૂરાવાઓ :-

૧૫.૧ ઉમેદવારે નીચે જણાવેલ સ્વ-પ્રમાણીત નકલો જે તે કોલેજ કે સંસ્થા ના આચાર્યશ્રી ને જમા કરવાની રેહશે.

૧૫.૧.૧ SSC પરીક્ષા (ધો-૧૦) નું પ્રમાણપત્ર

૧૫.૧.૨ HSC પરીક્ષા (ધો-૧૨) નું પ્રમાણપત્ર

૧૫.૧.૩ શાળા છોડયાનુ પ્રમાણપત્ર/ટ્રાન્સફર પ્રમાણપત્ર

૧૫.૧.૪ SC/ST/SEBC/EBC/PH ના ઉમેદવારે ગુજરાત સરકારના યોગ્ય અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ જાતીનો દાખલો રજુ કરવો.

૧૫.૧.૫ નોન-ક્રિમીલીયર પ્રમાણપત્ર જે ૧-એપ્રિલ ૨૦૧૭ પછી રજુ કરેલ હોય અને ગુજરાત સરકારના અધિકૃત અધિકારી દ્વારા પ્રમાણીત કરેલ હોય.

૧૫.૧.૬ શારીરીક વિકલાંગ વિદ્યાર્થી માટે શારીરીક ખોડખાંપણનું પ્રમાણપત્ર જે અધિકૃત સીવીલ સર્જન/અધિકૃત મેડીકલ અધિકારી દ્વારા પ્રમાણિત હોય.

૧૫.૧.૭ સેવા નિવૃત કર્મી. પ્રમાણપત્ર જે નિયામકશ્રી, સૈનિક કલ્યાણ બોર્ડ અથવા જિલ્લા સૈનિક કલ્યાણ ઓફીસર દ્વારા અપાયેલ હોય.

૧૫.૧.૮ સૈનિક પ્રમાણપત્ર જે વિભાગમાં કાર્યરત કમાડીંગ ઓફીસર દ્વારા રજુ થયેલ હોય.

૧૫.૧.૯ આર્થિક નબળા વર્ગનું પ્રમાણપત્ર.

૧૫.૧.૧૦ પ્રથમ પ્રયત્ન (ટ્રાયલ) સર્ટીફીકેટ.

૧૫.૧.૧૧ એન્ટી રેગીંગ એફીડેવીટ(https://antiragging.in)

૧૫.૧.૧૨ પ્રવેશ સમિતિને યોગ્ય જણાતા અન્ય પ્રમાણપત્રો

૧૫.૨ સીટ ફાળવણીનો પત્ર મેળવ્યા પછી ઉમેદવારે નોંધણી ફોર્મ સાથે બિડાણ તરીકે જોડેલ બધા જ પ્રમાણપત્રો અન્ય દસ્તાવેજો ચકાસણીના હેતુથી પ્રવેશ મેળવેલ કોલેજ કે સંસ્થામાં જણાવેલ સમય-મર્યાદામાં આપવાના થશે.

૧૫.૩ પ્રવેશની મેરીટ યાદીમાં પ્રવેશ મળેલ વિદ્યાર્થીઓના ઓરીજનલ સર્ટિફીકેટ સંસ્થા દ્વારા જરૂરી ચકાસણી કરી વિદ્યાર્થીઓને પરત કરવાના રહેશે.

૧૬. ખોટા પૂરાવાની રજુઆતથી અમાન્ય પ્રવેશ પુરાવાની ચકાસણી દરમ્યાન જો પ્રવેશ સમિતિ હેલ્પ સેન્ટર અથવા વર્ગીકૃત યુનિવર્સિટી કોલેજ કે અન્ય સંસ્થા દ્વારા ઉમેદવારે જમા કરાવેલ કોઇપણ પ્રમાણપત્રો અપ્રમાણિત કે ખોટુ જણાશે તો તે ઉમેદવારનો પ્રવેશ જે-તે વર્ષ દરમ્યાન રદ કરવામાં આવશે.

## ૧૭. પ્રવેશ પ્રક્રિયા રદ તથા ફી પરત સંદર્ભે :-

૧૭.૧ વહીવટી કારણોને લીધે ઉમેદવારના પ્રવેશ રદ અથવા બદલીના સંદર્ભે પ્રવેશ સમિતિ દ્વારા જે-તે કોલેજ કે સંસ્થામાં વિદ્યાર્થીઓને પ્રવેશ મંજુરી મળશે તે સંસ્થા કે કોલેજ તેવા ઉમેદવારની ફી નિયમ મુજબ પરત કે ફેરબદલી કરી આપશે.

૧૭.૨ ૧૪.૬ માં દર્શાવેલી સમય મર્યાદા મુજબ જે-તે ઉમેદવાર વર્ગીકૃત થયેલી કોલેજ કે સંસ્થામાં પોતાની હાજરી આપવા નિષ્ફળ જણાશે તે ઉમેદવાર પ્રવેશ પુર્ણ થયા પછી ચૂકવેલ ફી ના ૧૦% કપાત પછી વધેલ રકમ પરત કરવામાં આવશે

૧૭.૩ પ્રવેશ પ્રક્રિયા રદ તથા ફી પરત સંદર્ભે
જો કોઈ પ્રવેશ મેળવેલ ઉમેદવાર પોતાનો પ્રવેશ પાછો ખેંચવા માગતો હોય તો, તેણે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા પહેલા કે પછી સંબંધિત કોલેજના આચાર્યને લેખિતમાં કારણ દર્શક અરજી કરવાની રહેશે. આવા સંજોગોમાં ઉમેદવારે ભરેલી પ્રવેશ ફી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ના નિયમ મુજબ પરત મળવા પાત્ર રહેશે.

૧૭.૪ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેથી ૧૫ દિવસ માં પ્રવેશ રદ કરાવે તો ભરાયેલ ફી માંથી (કોશનમની/એમીનીટીજફી / એનરોલ્મેન્ટ ફી સિવાય) ફી ના ૨૦% રકમ બાદ કરી સંચાલિત/સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ કોલેજમાં પ્રવેશ લીધેલ

વિદ્યાર્થીને ફી પરત કરવી. જયારે સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે થી ૧૫ દિવસ માં વિદ્યાર્થી પ્રવેશ રદ કરાવે તો (કોશનમની/એમીનીટીજફી/એનરોલ્મેન્ટ ફી સિવાય) ૧,૦૦૦ રૂપિયા બાદ કરીને ફી પરત કરવાની રેહશે. અપગ્રેડ કરવાના કિસ્સા માં રૂ.૧,૦૦૦/-કાપી અન્ય ફી પરત કરવામાં આવશે.

## ૧૮. ખાલી રહેલ જગ્યાઓ :-

૧૮.૧ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજની મેરીટ યાદીમાં નામ હોય તેવા ઉમેદવારોને પ્રવેશની તક આપ્યા પછી જો પ્રવેશ પ્રક્રિયા પુરી થયા બાદ કોઇ ખાલી જગ્યા રહે તો જે-તે ખાલી જગ્યાઓ કોલેજ કે સંસ્થા દ્વારા પ્રવેશ સમિતિના માર્ગદર્શન નીચે સંખ્યાધીક વર્ગમાંથી મેરીટના ધોરણે ખાલી પડેલ જગ્યા પર પ્રવેશ આપવાના રહેશે.

૧૮.૨ પ્રવેશ સમિતિ દ્વારા ખાલી જગ્યાઓની પ્રવેશ યાદી ૧૯.૨ માં દર્શાવ્યા મુજબ નકકી કરેલ સમય મર્યાદામાં પૂર્ણ થવી જોઇએ. ત્યારબાદ કોઇપણ પ્રવેશ મંજુર થશે નહીં.

## ૧૯. પેનલ્ટી/અધિશૂલ્ક :-

કોઇપણ જોગવાઇઓ કે નિયમોનો ભંગ થયે પ્રવેશ સમિતિ દ્વારા નકકી કરવામાં આવે તે દંડ ની રકમ વ્યક્તિ/સંસ્થા એ યુનિવર્સિટીમાં ભરવાની રહેશે. અને પ્રવેશ સમિતિનો નિર્ણય જ આખરી ગણવામાં આવશે.

## ૨૦. અર્થઘટન :-

આ નિયમોની જોગવાઇના અમલીકરણમાં જો કોઇ ક્ષતિ, તકરાર કે દ્વીધા ઉભી થાય અથવા તો જોગવાઇના અર્થઘટનમાં કોઇ વિક્ષેપ ઉભો થાય તો મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી નો નિર્ણય આખરી ગણાશે. કોઇપણ તકરાર માટે ન્યાયક્ષેત્ર ભાવનગર ગણાશે.

કોઇ પણ બાબતના અર્થઘટન માટે તથા અંતિમ નિર્ણય લેવા માટે કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

૨૧. યુનિવર્સિટી દ્વારા ઘડાયેલ પ્રવેશના નિયમોમાં યુનિવર્સિટી જરૂરીયાત પ્રમાણે પ્રવેશના નિયમોમાં કોઇ પણ સમયે ફેરફાર કરી શકશે. અને તે તમામ વિદ્યાર્થીઓ/સંસ્થાને બંધન કર્તા રહેશે.

**નોંધ** :- પ્રવેશના નિયમો માટે અંગ્રેજી વર્ઝન આખરી અને માન્ય ગણાશે.

# બી.એ.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | સંચાલિત/સરકારી/<br>ગ્રાન્ટ ઈન એઈડ |
|---|---|---|---|
| ૧ | શામળદાસ આર્ટસ કોલેજ, વાઘાવાડી રોડ, ભાવનગર | બી.એ. | સંચાલિત |
| ૨ | સરકારી વિનયન કોલેજ, તળાજા, જિ:ભાવનગર. | બી.એ. | સરકારી |
| ૩ | ભકતરાજ દાદા ખાચર વિનયન અને વાણિજ્ય કોલેજ,<br>ગઢડા (સ્વામી.), જિ: બોટાદ | બી.એ. | સરકારી |
| ૪ | સરકારી વિનયન કોલેજ, વલ્લભીપુર, ભાવનગર. | બી.એ. | સરકારી |
| ૫ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,ઝબુબા હાઈસ્કુલ કેમ્પસ, બરવાળા,જિ:બોટાદ. | બી.એ. | સરકારી |
| ૬ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ઘોઘા, C/o પ્રાથમિક કન્યા શાળા, પથિકાશ્રમ પાસે, ઘોઘા, જિ:ભાવનગર | બી.એ. | સરકારી |
| ૭ | શ્રીમતી ન.ચ.ગાંધી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડાયમંડ ચોક, ભાવનગર | બી.એ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૮ | શ્રી કે.વી. પારેખ સાયન્સ, માતૃશ્રી ટી.કે. આર્ટસ એન્ડ શ્રીમતી જી.એસ. પારેખ કોમર્સ કોલેજ,, મહુવા , જિ:ભાવનગર | બી.એ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૯ | કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતભાઈ ગાંધી માર્ગ, બોટાદ. | બી.એ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૧૦ | એલ. આર. વળીયા આર્ટસ એન્ડ પી.આર. મહેતા કોમર્સ કોલેજ, વિદ્યાનગર, ભાવનગર. | બી.એ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૧૧ | શેઠશ્રી ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી વેણીબેન પ્રેમચંદ કાપડીયા આર્ટસ કોલેજ, હાઈકોર્ટ રોડ, ભાવનગર. | બી.એ | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૧૨ | શ્રી વી.એમ.સાકરીયા મહીલા આર્ટસ કોલેજ, પાળીયાદ રોડ, બોટાદ. | બી.એ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૧૩ | શ્રીમતી પી.એન.આર. શાહ મહીલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાલીતાણા, જિ:ભાવનગર. | બી.એ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૧૪ | શ્રી સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર સંચાલિત, શ્રી જે.કે.લુખી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગારીયાધાર,જિ:ભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | શ્રી કેળવણી મંડળ સંચાલિત આર્ટસ કોલેજ, ઢસાગામ, તાઃગઢડા (સ્વામી), જિઃભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૬ | સિહોર એજ્યુકેશન ફાઉન્ડેશન –સિહોર સંચાલિત જમનાબેન ભુતા આર્ટસ કોલેજ, સિહોર ,જિઃભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૭ | તળાજા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વાય.જે.જે.દોશી કોલેજ ઓફ કોમર્સ એન્ડ શ્રીમતી એચ.બી.દોશી આર્ટસ કોલેજ, તળાજા, જિઃભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૮ | શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નંદકુવરબા મહિલા આર્ટસ કોલેજ, દેવરાજનગર –૨, ઘોઘા રોડ, ભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૯ | શ્રી ઉમિયા મહિલા એજ્યુકેશનલ ટ્રસ્ટ–લાઠીદડ સંચાલિત,શ્રી ઉમિયા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, લાઠીદડ, જિઃબોટાદ | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૦ | શ્રી મુકેશકુમાર મગનલાલ દોશી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ(બી.એ), જેસર, જિઃભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૧ | શ્રી યોગાનંદ સ્વામી સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત, શ્રી સ્વામીનારાયણ મહિલા આર્ટસ કોલેજ, બોટાદ રોડ, ગઢડા (સ્વામી) જિઃભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૨ | શ્રી રાધેશ્યામ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રાધેશ્યામ મહિલા આર્ટસ કોલેજ, મહુવા, જિઃભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૩ | સરદાર પટેલ સેવા ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી રતનબેન રામજીભાઈ મોણપરા આર્ટસ કોલેજ, કાળીયાબીડ, ભાવનગર | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૪ | શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત શ્રી રસિકલાલ એમ.ધારીવાલ મહિલા આર્ટસ કોલેજ, વાળુકડ, તાઃપાલીતાણા, જિઃભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૫ | સ્વામીશ્રી, પરમહંસ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત ગોપીનાથજી મહિલા આર્ટસ કોલેજ, સ્વસ્તિક સોસાયટી, બંગલો સામે, સિહોર, જિઃભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૬ | શ્રી નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત મહારાણીશ્રી નંદકુવરબા મહિલા કોલેજ, નિલમબાગ સર્કલ, ભાવનગર. | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |

| | | | |
|---|---|---|---|
| ૨૭ | શ્રી ભુંભલી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી વિજુબેન રોયલા મહીલા કોલેજ,મુ.પો.ભુભલી, તા:જિ:ભાવનગર. | બી.એ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૮ | સ્વામી સહજાનંદ કોલેજ ઓફ આર્ટસ, ઈસ્કોન મેગાસીટી, ,યુનિવર્સિટી કાર્યાલયની બાજુમા, ભાવનગર | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૯ | શ્રી મારુતિ વિદ્યામંદિર કોલેજ ઓફ કોમર્સ એન્ડ આર્ટસ | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૩૦ | સ્વામિ વિવેકાનંદ કોલેજ ઓફ આર્ટસ , શિવપાર્ક સોસાયટી, રેલ્વે ક્રોસીંગ નજીક, પાલીતાણા | બી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |

# બી.સી.એ.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | સંચાલિત/સરકારી /ગ્રાન્ટ ઈન એઈડ/ સેલ્ફ ફાઈનાન્સ |
|---|---|---|---|
| 1 | સત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત શ્રી સ્વામીનારાયણ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, ગુરુકુળ, કેમ્પસ, સરદારનગર, ભાવનગર. | બી.સી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| 2 | શ્રી મહુવા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી કે.બી.પારેખ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, શ્રી પારેખ કોલેજ કેમ્પસ, મોટા જાદરા રોડ, મહુવા , જિ:ભાવનગર. | બી.સી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| 3 | તક્ષશિલા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ–બોટાદ સંચાલિત શ્રી આદર્શ બી.સી.એ. કોલેજ, આદર્શ શૈક્ષણિક સંકુલ, મુ.હડદડ તા: જિ: બોટાદ | બી.સી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| 4 | શ્રી સહજાનંદ એજયુકેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત નંદકુંવરબા મહિલા બી.સી.એ. કોલેજ, દેવરાજનગર–ર, ઘોઘા રોડ, ભાવનગર | બી.સી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| 5 | વિદ્યાભારતી ટ્રસ્ટ, બોટાદ સંચાલિત શ્રી શૈલેષ ચંદુલાલ ગાંધી બી.સી.એ. કોલેજ, બોટાદકર કોલેજ કેમ્પસ, હિંમતલાલ ગાંધી માર્ગ, પાળીયાદ રોડ, બોટાદ | બી.સી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| 6 | સમાજરત્ન ચીનુભાઈ મંજુલા ભગિની મિત્ર મંડળ, પાલીતાણા સંચાલિત શ્રીમતી કમળાબેન શાંતીલાલ કપાશી બી.સી.એ. કોલેજ, પાલીતાણા ભાવનગર રોડ, મોટી રાજસ્થળી, તા: પાલીતાણા જિલ્લો: ભાવનગર | બી.સી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| 7 | સહજજ્ઞાન એજયુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમ્પ્યૂટર સાયન્સ, ઈસ્કોન મેગાસીટી, યુનિવર્સિટી કાર્યાલય પાસે, ભાવનગર | બી.સી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |
| 8 | કાશી વિશ્વનાથ સતુઆબાબા ટ્રસ્ટ, પાલીતાણા સંચાલિત શ્રીમતી લક્ષ્મીબેન પ્રેમજીભાઈ સવાણી સતુઆબાબા બી.સી.એ. કોલેજ, ભાવનગર રોડ, મોટી રાજસ્થળી, પાલીતાણા જિ: ભાવનગર | બી.સી.એ. | સેલ્ફ ફાઈનાન્સ |

# બી.એસસી.

| ક્રમ | ટ્રસ્ટ તથા કોલેજનું નામ | અભ્યાસક્રમ | સંચાલિત/<br>સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ/સેલ્ફ ફાઈનાન્સ |
|---|---|---|---|
| ૧ | સર.પી.પી.ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, વાઘાવાડી રોડ, ભાવનગર | બી.એસસી. | સંચાલિત |
| ૨ | સરકારી સાયન્સ કોલેજ, C/o એમ.ડી.પટેલ હાયર સેકન્ડરી સ્કુલ, ગારીયાધાર, જિ:ભાવનગર | બી.એસસી. | સરકારી |
| ૩ | શ્રી કે.વી. પારેખ સાયન્સ, માતૃશ્રી ટી.કે. આર્ટસ એન્ડ શ્રીમતી જી.એસ. પારેખ કોમર્સ કોલેજ,, મહુવા , જિ:ભાવનગર | બી.એસસી. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૪ | સત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત શ્રી સ્વામીનારાયણ નૈમિષારણ્ય કોલેજ ઓફ સાયન્સ,સિદસર રોડ,ભાવનગર. | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૫ | સરદાર પટેલ સેવા ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી રામુબા તેજાણી તથા માતુશ્રી શાંતાબેન વિડીયા સાયન્સ કોલેજ, સરદાર પટેલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટયુટ, કાળીયાબીડ, ભાવનગર | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૬ | તક્ષશિલા એજ્યુકેશન એન્ડ ચેરીટબેલ ટ્રસ્ટ સંચાલિત શ્રી આદર્શ બી.એસસી.કોલેજ,<br>આદર્શ શૈક્ષણિક સંકુલ, હડદડ, બોટાદ | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૭ | આરાધના બી.એસસી. કોલેજ, બોટાદ | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૮ | ધ કે.પી.ઈ.એસ. કોલેજ, કેરાલા વિદ્યાભવન–૨, અઘ્યોનગર, કાળીયાબીડ, ભાવનગર. | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |

| | | | |
|---|---|---|---|
| ૯ | શ્રી સ્વામીનારાયણ વિદ્યાશ્રમ ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ઘોઘા રોડ, ભાવનગર. | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૦ | શ્રી દિનેશભાઈ શામજીભાઈ રવાણી સાયન્સ કોલેજ, પાલીતાણા | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૧ | પારેખ સાયન્સ કોલેજ, મહુવા, જિ:ભાવનગર | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૨ | જ્ઞાનમંજરી સાયન્સ કોલેજ, ભાવનગર | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૩ | તક્ષશિલા ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ, કાળીયાબીડ, ભાવનગર | બી.એસસી. | સેલ્ફ ફાઈનાન્સ |
| **બી.એસસી. (આઈ.ટી.)** | | | |
| **૧** | સત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત શ્રી સ્વામીનારાયણ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, ગુરુકુળ, કેમ્પસ, સરદારનગર, ભાવનગર. | બી.એસસી. (આઈ.ટી.) | સેલ્ફ ફાઈનાન્સ |

# બી.કોમ.

| ક્રમ | ટ્રસ્ટ તથા કોલેજનું નામ | અભ્યાસક્રમ | સંચાલિત/સરકારી/ ગ્રાન્ટ ઈન એઈડ |
|---|---|---|---|
| ૧ | એમ.જે.કોલેજ ઓફ કોમર્સ,વિદ્યાનગર ભાવનગર | બી.કોમ. | સંચાલિત |
| ૨ | દાદા ભકતરાજ ખાચર વિનયન અને વાણિજય કોલેજ, ગઢડા(સ્વામી..), જિ:બોટાદ | બી.કોમ | સરકારી |
| ૩ | સરકારી વિનયન અને વાણિજય કોલેજ,ઝબુબા હાઈસ્કુલ કેમ્પસ, બરવાળા,જિ:બોટદ. | બી.કોમ. | સરકારી |
| ૪ | સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ઘોઘા, જિ: ભાવનગર | બી.કોમ. | સરકારી |
| ૫ | શ્રીમતી ન.ચ. ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,૮૮૩, ડાયમંડ ચોક , ભાવનગર. | બી.કોમ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૬ | શ્રી કે.વી. પારેખ સાયન્સ, માતૃશ્રી ટી.કે. આર્ટસ એન્ડ શ્રીમતી જી.એસ. પારેખ કોમર્સ કોલેજ,, મહુવા , જિ:ભાવનગર | બી.કોમ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૭ | કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતભાઈ ગાંધી માર્ગ, બોટાદ. | બી.કોમ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૮ | એલ. આર. વળીયા આર્ટસ એન્ડ પી.આર. મહેતા કોમર્સ કોલેજ, વિદ્યાનગર, ભાવનગર. | બી.કોમ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૯ | શ્રીમતી પી.એન.આર. શાહ મહીલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાલીતાણા, જિ:ભાવનગર. | બી.કોમ. | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૧૦ | તળાજા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વાય.જે.જે.દોશી કોલેજ ઓફ કોમર્સ એન્ડ શ્રીમતી એચ.બી.દોશી આર્ટસ કોલેજ, તળાજા, જિ:ભાવનગર. | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૧ | સહજજ્ઞાન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ઈસ્કોન મેગાસીટી, ભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૨ | ધી કેરાલા પીપલ્સ એજયુકેશન સોસાયટી સંચાલિત ધી કે.પી.ઈ.એસ. કોલેજ, કાળીયાબીડ, ભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | સરદાર પટેલ સેવા ટ્રસ્ટ સંચાલિત જી.એલ.કાકડીયા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, કાળીયાબીડ, ભાવનગર. | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૪ | શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નંદકુવરબા મહિલા કોમર્સ કોલેજ,દેવરાજનગર–૨ , ભાવનગર | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૫ | સંત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત શ્રી સ્વામીનારાયણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ(મહિલા બી.કોમ.), સરદારનગર, ભાવનગર | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૬ | શ્રી ઉમીયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી ઉમીયા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, લાઠીદડ, જિઃબોટાદ. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૭ | શ્રી મુકેશકુમાર મગનલાલ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી મુકેશકુમાર મગનલાલ દોશી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જેસર, જિઃભાવનગર | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૮ | કે.આર.દોશી ટ્રસ્ટ સંચાલિત કે.આર.દોશી કોલેજ ઓફ કોમર્સ,<br>વૃધ્ધાશ્રમની સામે, ઘોઘા સર્કલ, ભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૧૯ | શ્રી યોગાનંદ સ્વામી સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામીનારાયણ મહિલા કોમર્સ કોલેજ,<br>ગઢડા(સ્વામી), જિઃબોટાદ. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૦ | સંત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત શ્રી સ્વામીનારાયણ મહાવિદ્યાલય (બી.કોમ),ચિત્રા, ભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૧ | અલમહદી ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત મહદી મહિલા કોમર્સ કોલેજ, શિશુવિહાર સર્કલ, ભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૨ | સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી વી.એમ.સાકરિયા મહિલા કોમર્સ કોલેજ, બોટાદ, જિઃભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૩ | શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત શ્રી રસિકલાલ એમ. ધારીવાલ કોમર્સ કોલેજ,<br>મુ.પો.વાળુકડ, તાઃપાલિતાણા, જિઃભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૪ | શ્રી સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર સંચાલિત શ્રી જે.કે.લુખી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,ગારીયાધાર, જિઃભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૫ | શ્રી આર્યકુળ એજ્યુકેશન એન્ડ ચેરીટબેલ ટ્રસ્ટ સંચાલિત શ્રી કુમારી સીનોમી હિતેન ગારડી કોમર્સ કોલેજ, જૈન દેરાસર સામે, શહેર ફરતી સડક, શ્રીનાથજીનગર રોડ, ભરતનગર ચોક, ભાવનગર. | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | સ્વામીશ્રી, પરમહંસ ફાઉન્ડેશનગભાદ ટ્રસ્ટ સંચાલિત શ્રી ગોપીનાથજી મહિલા કોમર્સ કોલેજ, સ્વસ્તિક સોસાયટી , સિહોર, જિઃભાવનગર | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૭ | સુર્યોદય એજ્યકુશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સુર્યોદય કોલેજ ઓફ કોમર્સ, કૃષ્ણનગર, ભાવનગર | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૮ | તક્ષશિલા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત તક્ષશિલા ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સ, પ્લોટ નં.૪૧૧૪–૧૮–૧૯, ભગવતી સર્કલ પાસે, કાળીયાબીડ, ભાવનગર. | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૨૯ | મહારાણીશ્રી નંદકુવરબા મહિલા કોલેજ, નિલમબાગ સર્કલ, ભાવનગર. | બી.કોમ | સેલ્ફ ફાઈનાન્સ |
| ૩૦ | જાફરી એન્ડ ફાતિમા કોલેજ, મહુવા, જિઃ ભાવનગર | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૩૧ | સ્વામી વિવેકાનંદ કોલેજ ઓફ કોમર્સ, પાલીતાણા, જિઃભાવનગર | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૩૨ | સ્વામી સહજાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, પ્લોટ નં. ૬૩૯, ઈસ્કોન મેગાસીટી, મહારાજા કૃષ્ણકુમારીસંહજી ભાવનગર યુનિવર્સિટી કાર્યાલય પાસે, ભાવનગર. | બી.કોમ. (ઓનર્સ) | સેલ્ફ ફાઈનાન્સ |
| ૩૩ | શ્રી પારેખ કોમર્સ કોલેજ, મહુવા,જિઃ ભાવનગર (સેલ્ફ ફાઈનાન્સ) | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |
| ૩૪ | શ્રી મારુતિ વિદ્યામંદિર કોલેજ ઓફ કોમર્સ એન્ડ આર્ટસ | બી.કોમ. | સેલ્ફ ફાઈનાન્સ |

# બી.આર.એસ. / બી.એસ.ડબલ્યું

| ક્રમ | ટ્રસ્ટ તથા કોલેજનું નામ | અભ્યાસક્રમ | સંચાલિત/ સરકારી/ ગ્રાન્ટ ઈન એઈડ/ સેલ્ફ ફાઈનાન્સ |
|---|---|---|---|
| ૧ | શ્રી જે.સી.કુમારપ્પા મહાવિદ્યાલય, ગઢડા(સ્વામી), જિ:બોટાદ. | બી.આર.એસ | ગ્રાન્ટ ઈન એઈડ |
| ૨ | ડૉ. કે.આર.દોશી. ટ્રસ્ટ સંચાલિત કે.આર.દોશી. કોલેજ ઓફ સોશ્યલ વર્ક, પ્લોટ નં.૧૩૩૫, કે.આર.દોશી વિદ્યા સંકુલ, ટી.વી.કેન્દ્રની સામે, ભાવનગર. | બી.એસ.ડબલ્યું | સેલ્ફ ફાઈનાન્સ |
| ૩ | શ્રી મારૂતિ જનકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત શ્રી મારૂતિ વિદ્યામંદિર કોલેજ ઓફ બી.એસ.ડબલ્યું, પ્લોટ નં. ૨૬૮, માધવનગર, ભાવનગર | બી.એસ.ડબલ્યું | સેલ્ફ ફાઈનાન્સ |
| ૪ | જે.કે.સરવૈયા બી.એસ.ડબલ્યુ કોલેજ, સ્વપ્નશીલ સોસાયટી, તરસમીયા રોડ, ભાવનગર | બી.એસ.ડબલ્યું | સેલ્ફ ફાઈનાન્સ |

# બી.બી.એ.

| ક્રમ | ટ્રસ્ટ તથા કોલેજનું નામ | અભ્યાસક્રમ | સંચાલિત/ સરકારી/ ગ્રાન્ટ ઈન એઈડ/ સેલ્ફ ફાઈનાન્સ |
|---|---|---|---|
| ૧ | સહજજ્ઞાન એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ઈસ્કોન મેગાસીટી, ભાવનગર. | બી.બી.એ. | **સેલ્ફ ફાઈનાન્સ** |
| ૨ | ધી કેરાલા પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ધી કે.પી.ઈ.એસ. કોલેજ, કાળીયાબીડ, ભાવનગર. | બી.બી.એ. | **સેલ્ફ ફાઈનાન્સ** |
| ૩ | શ્રી મહુવા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એચ.કે.પારેખ કોલેજ ઓફ મેનેજમેન્ટ, મહુવા, જિ:ભાવનગર. | બી.બી.એ. | **સેલ્ફ ફાઈનાન્સ** |
| ૪ | સરદાર પટેલ સેવા ટ્રસ્ટ સંચાલિત જી.એલ.કાકડીયા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, કાળીયાબીડ, ભાવનગર. | બી.બી.એ. | **સેલ્ફ ફાઈનાન્સ** |
| ૫ | શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નંદકુવરબા મહિલા બી.બી.એ. કોલેજ,દેવરાજનગર–૨, ભાવનગર. | બી.બી.એ. | **સેલ્ફ ફાઈનાન્સ** |
| ૬ | સત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત શ્રી સ્વામીનારાયણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ(બી.બી.એ.), સરદારનગર, ભાવનગર. | બી.બી.એ. | **સેલ્ફ ફાઈનાન્સ** |
| ૭ | શ્રી સમન્વય ટ્રસ્ટ બોટાદ સંચાલિત શ્રી સમન્વય ઈન્સ્ટિટ્યુટ ઓફ બી.બી.એ., ભાંભણ, જિ: બોટાદ. | બી.બી.એ. | **સેલ્ફ ફાઈનાન્સ** |